# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી  તા. ૧૬-૦૭-૨૦૨૨

- **ભાજપાના પ્રવક્તાઓ જુઠ્ઠાણાને જાણીબુજીને ઊભા કરીને સત્ય હોય તેમ રજુ કરી રહ્યા છે.**

ભાજપાના પ્રવક્તાઓ જુઠ્ઠાણાને જાણીબુજીને ઊભા કરીને સત્ય હોય તેમ રજુ કરી રહ્યા છે. તેવી પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, **રાજ્યમાં ૨૭ વર્ષ અને કેન્દ્રમાં આઠ વર્ષના શાસનમાં જનતાને ન્યાય આપવામાં સદંતર નિષ્ફળ નિવડેલ ભાજપા ગુજરાતની વિધાનસભાની ચૂંટણી નજીક આવતા નતનવા ગતકડા ઉભા કરીને જનતાનું ધ્યાન ભટકાવવા વધુ એક પ્રયાસના** ભાગરૂપે જ આવી વાત ઉપજાવી રહી છે. ગુજરાત અને દેશમાં **બેફામ મોંઘવારી, આસમાને બેરોજગારી, રૂપિયાનું સતત અવમુલ્યન, ખેડૂત - ખેતી પારાવાર મુશ્કેલીમાં આ બધા મુદ્દાઓથી ચારેબાજુથી ઘેરાયેલી ભાજપાનું સુનિયોજીત જુઠ્ઠાણાનો વધુ એક ઉદાહરણ** છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા સ્વ. શ્રી અહમદ પટેલ સામે કરવામાં આવેલા ઉપજાવી કાઢેલા અને બદઈરાદાયુક્ત આરોપોને સ્પષ્ટપણે અને સદંતર નકારે છે. જવાબદારીમાંથી પોતાને મુક્ત કરવા માટેની વડાપ્રધાનની પદ્ધતિસરની વ્યૂહરચનાનો આ ભાગ છે.

આ અંકુશિત કરવાની તેમની અનિચ્છા અને અક્ષમતાને પરિણામે તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈને મુખ્યપ્રધાનને તેમના રાજધર્મની યાદ અપાવવાની ફરજ પડી હતી. વડાપ્રધાનના આ રાજકીય કિન્નાખોરી તંત્રમાં તેમના રાજકીય હરીફો એવા સદગત લોકોને પણ તેમાંથી બાકાત રાખવામાં આવતા નથી. આ 'સીટ' તેના રાજકીય આકાઓની ધૂન પર ચાલે છે. અને તેને જે કંઈ પણ કરવાનું કહેવામાં આવે તે કરશે. આપણે એ વાત સારી રીતે જાણીએ છીએ કે મુખ્યપ્રધાનને "ક્લીન ચીટ: આપનાર સીટના અગાઉના વડાને રાજદ્દુતીય કામગીરીનો કેવી શિરપાવ આપવામાં આવ્યો હતો. કોઈ ચાલી રહેલી ન્યાયકીય પ્રક્રિયામાં, બેફામ આક્ષેપોને તારણો માનીને કઠપૂતળી એજન્સીઓ દ્વારા અખબારી માધ્યમો ધ્વારા જ ચુકાદો જાહેર કરવાની ભાજપા-આર.એસ.એસ.ની આ વર્ષો જૂની યુક્તિ છે.

આ બાબત પણ તેનું જ એક ઉદાહરણ છે અને તેમાં આવા બેફામ જુઠ્ઠાણાઓનો રદિયો આપવા જે વ્યક્તિ દેખીતી રીતે જ હયાત નથી તેવી મૃત વ્યક્તિને પણ બદનામ કરવાનો એક વધુ કીમિયો તેમાં ઉમેરવામાં આવ્યો છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ માનવતાના સિદ્ધાંતો પર પ્રતિબદ્ધ છે. ધર્મ, જાતિ કોમને જોયા વિના કુદરતી આપદા જેમ કે ભૂકંપ, પુર હોય કે પછી માનવ સર્જિત આપદા હમેશા મદદ કરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કર્યો છે અને કરતા રહેશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા